## <u>સમરી રજીસ્ટર નંબર.૧૬૦/૨૦૨૧</u>
## <u>જી.યુ.વી.એન.એલ. સમરી ગુન્હા રજીસ્ટર નંબર.૧૭૪૫/૨૦૦૮</u>

### <u>–:: આંક–૧ નીચે હુકમ ::–</u>

સદરહુ કામમાં આરોપી વિરૂધ્ધ ધી ઈલેકટ્રીસીટી એકટ કલમ ૧૩૫(૧)(બી) મુજબ ફરિયાદ દાખલ કરવામાં આવેલ.

તપાસ કરનાર અમલદાર ધ્વારા કરવામાં આવેલ રીપોર્ટમાં જણાવવામાં આવેલ છે કે, પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા ઈલેકટ્રીસીટી એકટ કલમ.૧૩૫ મુજબના વીજચોરીનાં ગુનાનાં કામે સરકારી યોજના મુજબ અને ઈલેકટ્રીસીટી એકટની જોગવાઈ મુજબ આરોપી સાથે સમાધાન થઈ થયું છે અને આરોપીઓ વીજ ચોરી તેમજ કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ પુરેપુરી ભરપાઈ કરી દીધેલ હોય. કાયદાની જોગવાઈ મુજબ ચાર્જશીટ થઈ શકે તેમ ન હોય, આ કાયદાની કલમ.૧૫૨ મુજબ યોગ્ય કરવા રીપોર્ટ કરેલ છે.

ઈલેકટ્રીસીટી એકટની કલમ.૧૫૨ તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતા વીજ કંપનીના સતા ધરાવતા અધિકારીને ગુનો માંડવાળ કરવા માટેની રકમ સ્વીકારવાની સતા છે અને તે માંડવાળની રકમ સ્વીકારે તે આપોઆપ જ આરોપી સામેના ગુનામાં માંડવાળ થઈ ગયા સમાન ગણાય તેવી કલમ.૧૫૨(૩) માં જોગવાઈ છે.

સબબ તપાસ કરનાર અમલદારનો રીપોર્ટ સ્વીકાર કરવામાં આવે છે અને આરોપી સામે નોંધાયેલ ગુન્હાની કાર્યવાહી પડતી મુકી, સદર માંડવાળ સમરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વેરાવળ.
તા.૧૦.૦૭.૨૦૨૧ .

**(ભરત લાલચંદ ચોઈથાણી)**
ત્રીજા એડિશ્નલ ડીસ્ટ્રીકટ જજ,
વેરાવળ, જી. ગીર–સોમનાથ.
કોડ નં.જીજે ૦૦ ૬૯૦.